સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ મળતી
પશુ સહાયમાં વધારો કરવા અંગે.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: **VKY-2021-849-N.I.-05-P,**
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૭/૦૭/૨૦૨૨

વંચાણે લીધા :-

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૭/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૪-ન.બા.૫૭-ઘ

(૨) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાતનો તા.૦૧/૧૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક: વકચ/૨૦૨૧/૨૯૩૦/ડી-સેગ/૪૬૮૮.

(3) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાતનો તા. ૦૭/૧૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક: વકચ/૨૦૨૧/૨૯૩૦/ડી-સેગ/૪૮૧૮.

## પ્રસ્તાવના:

ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧) થી આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા સંકલિત ડેરી વિકાસ યોજના અંગે ઠરાવ કરવામાં આવેલ છે. તેમજ વંચાણે લીધા ક્રમાંક (૨) ઉપરના પત્રથી મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત(ડી-સેગ) , દ્વારા સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ મળતી પશુ સહાયમાં વધારો કરવા માટેની રૂ. ૫૦૦.૦૦ લાખની નવી બાબતને વર્ષ ૨૦૨૨-૨૩માં કરવામાં આવેલ જોગવાઇને વહીવટી મંજૂરી આપવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ જેમાં વંચાણે લીધા ક્રમાંક: (3) ના પત્રથી વખતો-વખત પૂર્તતા-સ્પષ્ટતા કરવામાં આવેલ જે ધ્યાને લેતાં ઉક્ત રૂ. ૫૦૦.૦૦ લાખ(અંકે રૂપિયા પાંચસો લાખ પૂરા)ની નવી બાબતને વર્ષ ૨૦૨૨-૨૩માં કરવામાં આવેલ જોગવાઇને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ મળતી પશુ સહાયમાં વધારો કરવા માટેની નવી બાબત વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ. ૫૦૦.૦૦ લાખ(અંકે રૂપિયા પાંચસો લાખ પૂરા)ની જોગવાઇને નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ લોન, ભારત સરકારની સબસીડી, રાજ્ય સરકારની સહાય તથા લાભાર્થી ફાળા મુજબ તેમજ નીચેની શરતોને આધીન, આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે. આ પ્રોજેક્ટ હેઠળ એક લાભાર્થી દીઠ રૂ.૭૦,૦૦૦/-નું ખર્ચ થશે. જેમાં નીચે મુજબના કોમ્પોનન્ટ મુજબ સહાય અને લોન આપવાની રહેશે.

| ક્રમ | યુનિટ દીઠ કિંમત રૂ. | લોન રૂ. | ભારત સરકારની સબસીડી રૂ. | રાજ્ય સરકારની સહાય રૂ. | લાભાર્થી ફાળો રૂ. |
|---|---|---|---|---|---|
| ૧ | ૭૦,૦૦૦/- | ૨૨,૫૦૦/- | ૨૨,૫૦૦/- | ૨૨,૫૦૦/- | ૨,૫૦૦/- |

## નવી યુનિટ કોસ્ટની રકમનું વિભાજન પત્રક

| ક્રમ | કોમ્પોનન્ટ | યુનિટ દીઠ કિંમત (રૂ.) | લોન (રૂ.) | ભારત સરકારની સબસીડી (રૂ.) | રાજ્ય સરકારની સહાય (રૂ.) | લાભાર્થી ફાળો (રૂ.) |
|---|---|---|---|---|---|---|
| ૧ | દુધાળા પશુ | ૫૯,૮૦૦/- | ૨૨,૫૦૦/- | ૧૪,૯૦૦/- | ૧૯,૯૦૦/- | ૨,૫૦૦/- |
| ૨ | પશુ વિમો | 3,000/- | | 3,000/- | | |
| 3 | પશુ ટ્રાન્સપોર્ટેશન ખર્ચ | ૧,૦૦૦- | | ૧,૦૦૦/- | | |
| ૪ | વાસણની કીટ | 0.00/- | | | | |
| ૫ | પશુ ખાણ – દાણ | ૨,૦૦૦/- | | ૨,૦૦૦/- | | |
| ૬ | પશુ સારવાર | ૧,૨૦૦/- | | ૧,૨૦૦/- | | |
| ૭ | તાલીમ | ૪૦૦/- | | ૪૦૦/- | | |
| ૮ | વહીવટી ખર્ચ | ૨,૬૦૦/- | | | ૨૬૦૦/- | |
| | કુલ કિંમત | | ૨૨,૫૦૦/- | ૨૨,૫૦૦/- | ૨૨,૫૦૦/- | ૨,૫૦૦/- |
| | કુલ યુનિટ કોસ્ટ | | ૬૭,૪૦૦ + ૨,૬૦૦ = ૭૦,૦૦૦/- | | | |

**<u>શરતો:</u>**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(૫) સદર યોજનાના મોનિટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા:૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું તથા તે અંગેની વખતો વખતની સુચનાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૮) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારશ્રીના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૦) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રીય જોગવાઇની મર્યાદામાં જ રકમ ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી આદિજાતિ વિકાસ વિભાગે રાખવાની રહેશે.

(૧૧) પારદર્શક પ્રક્રીયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૧૨) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૧૩) નાણાકીય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

(૧૪) Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૧૫) ભારત સરકાર તરફથી મળવાપાત્ર ગ્રાન્ટ મેળવવા ઘટતી કાર્યવાહી ડી-સેગએ કરવાની રહેશે.

(૧૬) ભારત સરકાર તરફથી ગ્રાન્ટ મળ્યા બાદ તે મુજબ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે. તેમજ ભારત સરકાર દ્વારા પ્રતિ લાભાર્થી રૂ.૨૨,૫૦૦/-ની સબસીડી આપવા અંગેની સંમતિ મળેથી જ વધારાની સહાય મંજૂર કરી શકાશે. ડી-સેગએ આદિજાતિ વિકાસ વિભાગના પરામર્શમાં ભારત સરકાર પાસેથી પ્રતિ લાભાર્થી રૂ.૨૨,૫૦૦/-ની સબસીડી આપવા અંગેની સંમતિ મેળવી લેવાની રહેશે.

(૧૭) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૮) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકિય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૯) સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણા વિભાગના તા.૨૨/૬/૯૪ ના પરિપત્ર ક્રમાંક: ખરચ-૧૦૯૪-૨૬૦-ઝ૧, તા.૨૦/૫/૯૬ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ૧, તા.૯/૯/૯૮ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮)ઝ૧ તથા તા.૧૪/૦૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧ અનુસારની તેમજ વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬-આયોજન, મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨-અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર: ૬૨ - વીકેવાય-૧૯: ડી-સેગ દ્વારા ડેરી, વાડી, સિંચાઈ જેવી યોજનાના અમલીકરણ, સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ મળતી પશુ સહાયની રકમમાં વધારો કરવા માટે ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. ૦૫/૦૭/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી. એમ. પટેલ)
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u>:

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક સચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી(આ.વિ.) કમિશનરશ્રી આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર ૧૦-એ,ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ), બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.